ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ
કોર્પોરેટ કચેરી, વડોદરા. – ૩૯૦૦૦૭.

| વિષય | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ગ્રાહકની ફરિયાદ<br>કેસ નંબર: MG-II-17-2023-24 |
|---|---|
| ફરિયાદી | શ્રી નીતેશકુમાર ભીખાભાઈ પટેલ, આંતરસુંબા સંદેસર ફિડર, સંચાલન સમીતી, નવો પટેલ વાડો, પોસ્ટ: આંતરસુંબા ગામ, તાલુકા કપડવંજ, જીલ્લો: ખેડા |
| સામાવાળા | શ્રી સી. જી પટેલ, નાયબ ઇજનેર કપડવંજ વેસ્ટ સબડીવીઝન, એમજીવીસીએલ |
| સુનાવણીની તારીખ | ૨૬.૦૯.૨૦૨૩ |
| સુનાવણીનું સ્થળ | મ.ગુ.વી.કં.લી., વડી કચેરી, વડોદરા. |

| કોરમ | નામ |
|---|---|
| ચેરપરસન | શ્રી એસ પી ત્રિવેદી, વડોદરા |
| તાંત્રિક સભ્ય | શ્રી કે.બી.ઢેબર (આરએ એન્ડ સી), કોર્પોરેટ કચેરી, મ.ગુ.વી.કં.લી., વડોદરા |

ફરિયાદીશ્રીની તારીખ ૧૭-૦૯-૨૦૨૩ ના રોજ અરજી ના અનુસંધાને સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ સંદેસર ફીડર પરના ખેતીવાડી વિજ ગ્રાહકોને મળેલ વિજ બિલો, સોલાર સિસ્ટમ અને તેના ઉપકરણોની મરામત, મળવા પાત્ર સબસિડી અને યોજના પરત્વે થયેલ કરાર અંગેની ફરિયાદ મળી હતી.

1.0 તા. ૨૬-૦૯-૨૦૨૩ના રોજ ફરિયાદીની રજુઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સાંભળવામાં આવેલ. જેમાં ફરિયાદી તરફે શ્રી નીતેશકુમાર બી પટેલ હાજર રહેલ અને સામાવાળા તરફે શ્રી સી.જી પટેલ, નાયબ ઇજનેર કપડવંજ વેસ્ટ સબડીવીઝન, એમજીવીસીએલ. બંનેની રજુઆત સાંભળવામાં આવેલ.

2.0 ફરિયાદી બાબતે વિગત નીચે મુજબ છે.

2.1 ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.એ તારીખ ૨૪.૦૭.૨૦૧૮ ના પરિપત્ર દ્વારા ગુજરાતના ચારે ડિસ્કોમમાં ખેતીવાડી વિજ ગ્રાહકો માટે સૂર્યશક્તિ કિશાન યોજનાની જાહેરાત કરી હતી. તદનુસાર, કપડવંજ પશ્ચિમ પેટા વિભાગીય કચેરી હેઠળ સંદેસર ફીડરના ૧૫ ખેતીવિષયક ગ્રાહકોએ સદર યોજના હેઠળ ભાગ લીધો છે. આ ફીડરના ગ્રાહકોએ ૧૯-૧૧-૨૦૧૮ ના રોજ ત્રિપક્ષીય અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સ કર્યા હતા.

2.2 સૂર્યશક્તિ કિસાન યોજનાના (સ્કાય) ધોરણો મુજબ-

i. કૃષિ વીજજોડાણ ધરાવતા ખેડૂતો માટેની યોજના.

ii. ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશક્તિથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે.

iii. સ્કાય ફિડર પર અગાઉ કોઈ પણ ખેડૂતે અરજી નોંધણી કરાવેલ હોય અને યોજનામાં જોડાવા ઇચ્છે, તો તેને તત્કાળ ધોરણે વીજજોડાણ આપવામાં આવશે.

iv. ફિડર પર આવતા બધા ખેડૂતો આ યોજનામાં જોડાય એ વધુ ફાયદાકારક રહેશે.

v. ખેડૂતોએ ઓછામાં ઓછા કુલ ખર્ચની ૫% રકમ ભરપાઈ કરવાની રહેશે.

vi. કેન્દ્ર સરકાર ૩૦% સબસિડી પેટે ચૂકવશે.

vii. રાજ્ય સરકાર ૩૦% વધારાની સબસિડી પેટે ચૂકવશે, જે માટે રાજ્ય સરકાર દ્વારા લોન લેવામાં આવશે અને જે લોનની પરત ચુકવણી સરકાર દ્વારા વધારાના આપવામાં આવતા રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટ (EBI – ૧૦૦૦ યુનિટ પ્રતિ KW પ્રતિ વર્ષની મર્યાદામાં) પ્રમાણે ખેડૂત દ્વારા વધારાની વીજળીના વેચાણ દ્વારા ચૂકવવામાં આવશે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

viii. ખેડૂત વતી રાજ્ય સરકાર બાકીના ૩૫% ની રકમ સસ્તા વ્યાજની લોન પેટે લેશે. જેની પરત ચુકવણી ખેડૂત દ્વારા વીજ વિતરણ કંપનીને રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટથી વેચવામાં આવતી વધારાની વીજળીમાંથી ચૂકવવામાં આવશે.

ix. લોનનો સમયગાળો ૭ (સાત) વર્ષનો રહેશે.

x. વીજળીનું જે ઉત્પાદન થાય અને વપરાશ કર્યા બાદ જે યુનિટ ગ્રીડમાં આવે તે યુનિટ દીઠ પહેલા સાત વર્ષ માટે રૂ. ૭/- પ્રતિ યુનિટ (મુદ્દા નંબર vii અને viii પ્રમાણે) ચૂકવવામાં આવશે અને ત્યાર બાદ ૧૮ વર્ષ સુધી રૂ ૩.૫ /- પ્રતિ યુનિટ ચૂકવવામાં આવશે. ઉપરોક્ત કુલ રકમ માથી લોનનો હપ્તો ભરપાઈ થયા બાદ જે બચત થશે તે ખેડૂતના ખાતામાં વર્ષના અંતે સીધી જમા કરવામાં આવશે.

xi. સ્કાય ફીડર ઉપર દિવસે આશરે ૧૨ કલાક વીજળી મળશે, પરંતુ જે ખેડૂત આ યોજનામાં નહી જોડાય તેને ૮ કલાક વીજ પુરવઠો મળશે.

2.3 સંદેસર એજી ફીડરના ૧૫ કૃષિ વીજ ગ્રાહકોને સોલાર પીવી સિસ્ટમ પૂરી પાડવા માટે 5 kW (AC) થી 150 kW (AC) ક્ષમતાના વિતરિત ગ્રીડ સાથે જોડાયેલા સોલર પી.વી. પ્લાન્ટની ૭ વર્ષ માટે ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ, કમિશનિંગ અને વ્યાપક જાળવણી માટે MGVCL/PP/DSM/PG-SKY/Solex/4761 તા ૦૫.૧૧.૨૦૧૮ ના આદેશ દ્વારા M/s સોલેક્સ એનર્જિ લિમિટેડ ની નિમણૂક કરવામાં આવી હતી.

2.4 એજન્સી દ્વારા કાર્ય પૂર્ણ થયા બાદ, ફીડરને ૨૪.૧૨.૨૦૧૮ ના રોજ SKY ફીડર તરીકે કાર્યરત કરવામાં આવ્યું હતું.

3.0 ફરિયાદીના પ્રતિનિધિએ રજૂઆત કરી હતી કે –

3.1 આ યોજનામાં એક જ ફીડરના ૬૦% કરતાં વધુ કૃષિવિષયક જોડાણ ધરાવતા ખેડૂતો જોડાઇ શકે તે માટે અને આકર્ષવા લાભ લઇ શકે માટે ખેડા જિલ્લામાં એમજીવીસીએલ ની પેટા કચેરી,કપડવંજ ના નાયબ ઇજનેરશ્રી તથા આ યોજનાની અમલી કરણ એજન્સી સોલેક્સ પ્રાઇવેટપ્રા.લી આણંદ દ્વારા પ્રચાર પસાર માટે આતરસુંબા સંદેસર ફીડર પરના મોટા ખેડૂતો સાથે યોજનાની પરિરેખા અને તેના મળતા લાભો મૌખિક જણાવ્યા અને ત્યાર બાદ યોજનાની વિસ્તૃત માહિતી દર્શાવતુ પેમ્ફલેટ ખેડૂતોને આપવામાં આવ્યું.

3.2 આ યોજનાની અમલીકરણ એજન્સી સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદ નાઓ એ આપેલ પેમ્ફલેટમાં દર્શાવેલી લોભામણી જાહેરાત અન્વયે વીજજોડાણ ધરાંવતા ૧૫ ખેડૂતો યોજનામાં ધરાર જોડાવા લલચાયા. અને યોજનાની પરિરેખા મુજબ ૫% રકમ ખેડૂતોએ જોડાણના હોર્સ પાવર મુજબની કિમતના નાણાની રકમના ચેક ૧૫-સપ્ટેબર ૨૦૧૮ ના સમય ગાળાદરમિયાન એમજીવીસીએલને આપવામાં આવ્યા.

3.3 તે દરમિયાન એમજીવીસીએલની પેટા કચેરી, કપડવંજ ના નાયબ ઇજનેરશ્રી તથા આ યોજનાની અમલી કરણ એજન્સી સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદનાઓ એ તેઓ કૃષિવીજ ધારકોએ ફરજ પરના હેલ્પર જે એક કાગળ લઈને આવેલ તેમાં સાક્ષી અને વીજગ્રાહકની સહીઓ કરી આપવી. એટલે તેઓએ જે કાગળ લઇને આવેલા તેમાં યોજનામાં જોડાયેલા વીજ ગ્રાહકોએ સહીઓ કરી આપી દીધી હતી. તેઓને કોઇ નકલ આપી ન હતી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.4 ત્યાર બાદ આ યોજનાની અમલી કરણ એજન્સી સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદ ના પ્રતિનિધીએ આવીને જણાવ્યુ કે, યોજનાની રૂપરેખા મુજબ સ્કાય ફીડર સંચાલન સમિતીની રચના કરવાની છે તો તેની રચના કરી હતી. અને રચના કરેલ સમિતીના સભ્યોની વિગતો સાથે તેઓ લઇ ગયેલા.

3.5 આતરસુંબા સંદેસર ફીડર કુલ ૨૦ કૃષિ વિજ જોડાણ પૈકીના ૧૫ જેટલા કૃષિ વિજધારકો પૈકી એ-1 (હોર્ષ પાવર ટેરીફવાળા) ૪ કૃષિવીજ ધારકો અને એ-૨ (મીટરવાળા) ૧૧ કૃષિ વીજધારકો સ્કાય યોજનામાં જોડાયા. આ યોજનામાં જોડાયા પછી દિવસના સમયે અને ૧૨ કલાક સતત વીજળી મળતા ખેડૂતોમાં ખુશ હતા.

3.6 સ્થાપિત કરેલ સોલર યુનીટના ઉત્પાદનની અને તેને લગતી માહિતી મળી રહે તે માટે મોબાઇલ એપ ડાઉન લોડ કરાવી હતી, પરંતુ તે મોબાઇલ એપ ચાલે છે કે નહી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવી તેની પણ કોઇ સમજ આપવામાં આવેલ ન હતી.

3.7 સ્કાય યોજનામાં જોડાયેલ કૃષિ વીજધારકોને ૧૪ દિવસ નું વીજ બીલ માર્ચ ૨૦૨૦ માં મળેલ વીજ બીલમાં મોટી રકમના વીજ બીલ ભરવાની વિગતો મળતા ખેડૂતો ચોકી ઉઠયા અને મળેલા વીજ બીલની વિગતો અંગે કોઇ સમજ પડતી ન હતી. તેથી એમજીવીસીએલ પેટા કચેરી કપડવંજ નો સંપર્ક કરતાં તત્કાલીન ફરજ બજાવતા પારેખ સાહેબનાઓએ જણાવેલ કે વીજ બીલની વિગતોની સમજ માટે તેમજ મેઇન્ટનન્સને લગતા પ્રશ્નો માટે એક મીટીંગ નું આયોજન હાલ કોરોનાની વૈશ્વિક મહામારીને લઇને સમગ્ર દેશમાં લોકડાઉન હોઇ લોકડાઉન પૂરું થયેથી મીટીંગ કરીશુ ની હૈયા ધારણ આપવામાં આવી.

3.8 જુલાઇ ૨૦૨૦માં કોરોનાનું લોકડાઉન હળવું થતા ફરીથી સંચાલન સમિતીના સભ્યો દ્વારા એમજીવીસીએલ પેટા કચેરી કપડવંજ નો સંપર્ક કર્યો હતો અને મળેલ વીજ બીલોની સમજ અને મેઇન્ટેનન્સ ના પ્રશ્નોને લઇને મીટીંગનો આગ્રહ કર્યો હતો. ત્યાર પછી વારંવારની રજુઆત પછી અમલીકરણ એજન્સી સોલેક્સ સોલર પ્રાઇવેટ લી. આણંદ અને એમજીવીસીએલ અને સ્કાય યોજનામાં જોડાયેલા ગ્રાહકો સાથે મીટીંગનું આયોજન આતરસુબા મુકામે જે.સી. દાણી વિધાલયમાં રાખવામાં આવ્યું. સોલર યુનીટ ચાલુ થયાના ટૂંકા સમયમાં ટેકનીકલ સમસ્યાઓ જેવી કે CT-PT, કેબલ ફાયર થઇ જવો વગેરે અને કેટલાક ગ્રાહકોના બંધ થયેલ યુનીટની માહિતી લેખિત આપી હતી. આ મીટીંગમાં એજન્સિએ આપેલ પેમ્ફલેટમાં જણાવેલ ૬૦ ટકા સબસીડી ના બદલે બીલમાં ૩૫ % અમારા વતી લોન અને ઈ.બી.આઇ માટે અમારા વતી લીધેલ ૩૦% લોનની સમજ આપતા વીજ ગ્રાહકોએ વિરોધ કર્યો હતો. રીપેર મેઇન્ટેનન્સ માટે સોલેક્સ સોલર પ્રા. લીમીટેડ માંથી કોઇ પ્રતિનીધી હાજર ન હતા. એમજીસીએલ સર્કલનાઓએ બીલની વિગતોની સમજ આપી પણ તેનાથી અમો વીજ ગ્રાહકો એ રજુ કરેલા પ્રશ્નો અંગે તેઓ પાસે પણ કોઇ માહિતી ન હતી. મહેમદાવાદ ડીવીઝનના એક્ઝીક્યુટીવ ઇજનેર અધિકારીશ્રી જણાવેલ અમો તમારી સાથે થયેલા કરારો મુજબ આ યોજાનાનો અમલ કરીએ છીએ. ત્યાર પછી કરારની વિગતો વાંચતા અમો છેતરાયાની લાગણી અનુભવી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.9 ત્યાર પછી અમો સાથે કોઇ મીટીંગ થયેલ નથી. અમોએ ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરી તો તેમાં કરાર મુજબ યોજનાનો અમલ કરવામાં આવે છે. જે કરેલ કરાર એક તરફી છે, જેમાં અમલીકરણ એજન્સી તેમજ એમજીવીસીએલને ફાયદો થાય તેમ છે. તેથી આ કરાર કુદરતી ન્યાયના વિરૂધ્ધ છે. તો તેને રદ કરવા દાદ માંગવી.

3.10 અવાર નવાર મૌખીક અને લેખિત રજુઆત બાદ આ સ્કાય યોજના ના અમો સમજેલા તે પરત્વે કોંઇ અમલ થતો નથી અને યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોની ૨૦૨૨માં બમણી આવક થશેના બદલે સ્કાય વીજ ગ્રાહકોને મળતા વીજબીલમાં મોટી મોટી રકમ ભરવાની થતી હોઇ હાલ સ્કાય યોજનામાં જોડાયેલો ખેડુતો દેવાદાર બની ગયેલ છે. અને બાકી વીજ બીલની રકમના મોબાઇલમાં મેસેજ આવતા કૃષિવીજ ગ્રાહકો માનસિક તાણ અનુભવે છે અને ખેડૂતની વધુ આર્થિક સ્થિતી બગડશે તો સ્કાય યોજનામાં જોડાયેલ કૃષિવિજ ગ્રાહક આત્મહત્યા ન કરે તેમાટે સમિતી દ્વારા આ દાદ માંગવામાં આવી રહી છે.

3.11 સ્કાય ફીડર સંચાલન સમિતિ દ્વારા વિવિધ સ્તરે વારંવાર લેખિત રજુઆતો કરવા છતાંય આ યોજના પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોત એવું લાગતા આતરસુંબા સંદેસર ફીડર સ્કાય ફીડર સંચાલન સમિતીના પ્રતિનિધી દ્વારા તા.૨૫/૦૪/૨૦૨૩ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અંતર્ગત હેઠળ કેટલીક માહિતી માંગેલ તે માહિતી આધારે અમોએ કરેલ અવલોકનમાં ફકત અને ફક્ત રાજય સરકારની મ.ગુ.વી. કંપની અને ખાનગી કંપની સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદને જ સીધો ફાયદો કરાવેલ છે.

3.12 સ્કાય યોજનાના અમલ અંગેની નામદાર ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ રજુ થયેલ તા.૨૩/૦૬/૨૦૧૮ ના હુકમના પેરા નંબર ૨.૭ ના મુજબ The generated solar energy shall be utilized by the farmers for their irrigational requirement and surplus energy shall be injected into the grid for sale to DISCOMs at tariff of Rs. 3.50/Unit and another Rs. 3.50/Unit (within limit of 1000 Units / KW/ Annum) will be paid by the State Government as Evacuation Based Incentive (EBI). The payment of EBI of Rs. 3.50)Unit shall be considered as 30% contribution from the State Government in the Scheme and the amount of EBI shall be considered for re-payment of loan amount of 30% towards the Government of Gujarat share to NABARD Financial Institutions. જણાવેલ હોવા છતાંય સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદનાએ પોતાના પેમ્ફલેટમાં ૬૦ % સબસીડી બતાવી ને અમો ખેડૂતો સાથે લોભામણી જાહેરાતથી છેતરપીડી કરેલ છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ મળેલ સરકારે બનાવેલ પેમ્ફલેટ અને સોલેક્સ પ્રાઇવેટ લી. આણંદ ના પેમ્ફલેટમાં વિસંગતાઓ જોવા મળેલ છે. અમો ૬૦% સબસીડી મળશે અને અમારી ઉત્પન્ન થયેલ વીજળી રૂ. ૭.00 પ્રતિ યુનીટ ખરીદશે એવુ સમજી જોડાયા હતા. પહેલેથી જ ખબર હોત તોઅમો આ યોજનામાં જોડાત જ નહી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.13 અમો વીજ ગ્રાહકોએ અમારા વતી ૩૫% કે ૩૦% લોન લેવા માટે કોઇ સમંતિ કે બાંહેધરી આપેલ નથી.

3.14 અમો વીજ ગ્રાહકો સાથે કરેલ દ્વિપક્ષીય કરારના પેરા–૫માં અમોએ લોન માટે ભરપાઇ કરવા કે અમારા વતી લોન લેવા કોઇ બાંહેધરી આપેલ નથી. કરાર પહેલા અમોએ ૫% રકમ જમા કરાવેલ છે.

3.15 સ્કાય યોજનામાં જોડાયેલ ગ્રાહકોને સને ૧૯-૨૦, સને ૨૦-૨૧, સને ૨૨-૨૩ના વીજ બીલ મળેલ છે . સને ૨૦૨૧-૨૨ના વીજ બીલ મળેલ નથી. તેના બદલે કોષ્ટકમાં વિગતો આપેલ છે.

3.16 સને ૧૯-૨૦, સને ૨૦-૨૧, સને ૨૨-૨૩ના વીજ બીલ મળેલ છે. તેમાં અમો કૃષિ વિજ ધારકોએ વાપરેલ વીજળીના નાણા સીધા કાપી લેવામાં આવે છે. ૩૫% ખેડૂત વતી લીધેલ લોનના હપ્તા પણ કાપી લેવામાં આવેલ છે, જેમાં ૬૦% સબર્સીડીમાં કેન્દ્ર સરકારની ૩૦% સબસીડી મળેલ છે. જયારે ૩૦ ટકા લોન ખેડૂત વતી GOG એ લીધેલ નો ઉલ્લેખ છે જેઅમોએ ભરપાઇ કરવાની રહેતી ની પ્રસ્તુત યોજનામાં ખેડૂત દ્વારા ઉત્પાદિત થયેલ વીજળી પ્રતિ યુનીટ ૭.૦૦ માં ખરીદ કરશે તેવા ઉલ્લેખ અમલીકરણ એજન્સીના પેમ્ફલેટમાં છે તેમ છતાંય યોજનાના અમલી કરણ ના તબકકે હવે રૂ, ૭.૦૦ના બદલે ૩,૫૦ પ્રતિ યુનીટના ખરીદ કરે છે અને લોનના હપ્તા પેટે બાકી રહેલી રકમ માટે EBI યુનીટનું સ્વરૂપ આપી તેમાં કાપી લે છે. આ વિગતો સમજાય તેવી નથી તેથી અમો ૩૦% લોન ભરપાઇ કરી શકીએ તેમ નથી. વળી, સોલર પેનલ અને તેને લગતા ઉપકરણો ખામી યુકત હોય ઉત્પાદન ઓછું થાય છે તને લઇને અમારે નાણાકીય બોજ થયો છે. અને ખેડૂતના માથે તેની જવાબદારી નાખેલ છે. જે તદ્દન એક તરફી હોઇ કુદરતી ન્યાયના વિરૂધ્ધ છે. સોલર યુનીટની માલિકી લોન ભરપાઇ ન થાય ત્યાં સુધી એમજીવીસીએલની અને સોલર યુનીટ સ્થાપિત કરી દીધાની થયેલ ખર્ચ અમલી કરણ એજન્સીને પુરો ચૂકવી દીધેલ છે. અમો ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પિયાત કરવાનું હોય વપરાશ કરવાનો હોઇ તેની મજબુરીનો લાભ લઇ બાકી બીલ કરી મોબાઇલ મેસેજમાં વીજ કનેક્શન કાપી નાખવાનો માનસિક ત્રાસ પુરો પાડવામાં આવે છે. ઉક્ત વિગતને ધ્યાને લઈ વીજ વપરાશનું બીલ સીંધુ કપાતુ હોઇ તેઓના વીજ વપરાશના નાણા ભરપઇ થયેલ હોઇ વીજ કનેક્શન કાપીશકાય નહીં તે અંગે દાદ મળવી જોઇએ.

3.17 વીજ બીલના પ્રફોર્માની એકસૂત્રતા જાળવેલ નથી. વીજગ્રાહકોને વીજબીલની માહિતી જુદી જુદી મળે છે.

3.18 વીજ બીલમાં સ્કાય પ્રોજેક્ટ લોન હપ્તાની કરેલી ગણતરી માં મુદલ હપ્તા એક સરખા હોય અને વ્યાજની વધઘટ થઇ શકે તેના બદલે લોનનો હપ્તો પ્રતિ વર્ષ વધતો જાય છે, જે વેપારી ગ્રાહકના નાણાકીય વ્યવહારમાં યોગ્ય નથી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.19 વીજબીલના રીડીંગમાં પણ વીજ બીલો દર વર્ષના સરખાવતા પાછલું રીડીગ અને હાલનું રીડીંગમાં મોટો તફાવત જોવા મળે છે, તેમજ વપરાશ અને જનરેશનના રીડીંગમાં પણ અદલ બદલ જોવા મળતી હોઇ બીલ સાચા બન્યા છે કેમ તે કહી શકાય તેમ નથી.

3.20 સને ૨૦૧૯-૨૦ના વીજબીલમાં ઈ.બી.આઇ યુનીટની ગણતરી પણ યોગ્ય રીતે થઇ નથી. વિતેલા સમય દરમિયાન કેપેસીટી યુટીલાઇઝેશન ફેક્ટર (સીયુએફ) ૧૮.૩૪ લેખે જાળવવો ફરજિયાત હોવા છતાં તેમજ તે ચકાસવાની જવાબદારી એમ.જી.વી સી એલ ની હોવાં છતાં તેમાં ચૂક થયેલ છે. આતરસુંબા સ્કાય ફીડરમાં જોડાયેલા વીજ ગ્રાહકોના કેપેસીટી યુટીલઇઝેશન ફેક્ટર ( સીયુએફ) ૧૯.૩% ના બદલે સને ૧૯-૨૦ ના સમય ગાળામાં ૯.૩૯, સને ૨૦-૨૧ ના સમય ગાળામાં ૯.૧૦, સને ૨૧-૨૨ના લાઇટ બીલ મળેલ નથી તેથી તેની વિગત મેળવી શકેલ નથી અને સને ૨૨-૨૩ના વર્ષમાં ૧૦.૫ સરેરાશ જોવા મળેલ છે તેને કારણે જનરેશન ઓછુ થયેલ છે અને જનરેશન ઓછુ થવાને લઇને અમો લોનના હપ્તા ભરી શકતા નથી.

3.21 કોન્ટ્રાકટ પ્રમાણે CUF ન જાળવવાના કારણે એમ જી.વી.સી.એલ દ્વારા ગ્રાહક દીઠ એજન્સી પાસેથી કેટલા કોમ્પેન્સેશન મેળવ્યું છે અને ગ્રાહકને ચૂક્વ્યુ છે તેની કોઇ વિગત વીજ ગ્રાહકને કે સમિતિને જણાવવામાં આવતું નથી.

3.22 સોલર પીવી પેનલ અને તેની સાથેના ઉપકરણો યોગ્ય ક્ષમતાથી કામ કરતાં નથી. સોલર પીવી પેનલમાં અવારનવાર ક્ષતિ થાય છે અને સોલર યુનીટમાં ક્ષતિ થતાં તેનું સમારકામ કરવામાં લાંબા સમય પછી થતું હોય છે. જેથી તેની અસરથી વીજ ઉત્પાદન ઓછું થતું જોવા મળે છે.

3.23 ખામી યુક્ત સોલર પેનલ અને તેને લગતા ઉપકરણો હોવાને કારણે ગ્રાહકોને જાહેરાતમાં આપેલ ખાત્રી પ્રમાણે વીજ ઉત્પાદન થતું નથી, જેથી અમલી કરણ એજન્સી તથા એમજીવીસીએલ ને કૃષિવીજ ગ્રાહકો કરતાં વધુ ફાયદો થાય છે. અને ખેડૂત આ યોજનામાં જોડાયા પછી દેવાદાર થઇ ગયેલ છે.

3.24 સદર સ્કાય યોજનામાં ફીડર સ્થાપિત કરવામાં પણ કેટલીક ખામીઓ છે જેમકે આતરસુંબા સંદેસર સ્કાય ફીડર પર કુલ ૨૦ વીજ ગ્રાહકો છે જેમાં ૧૫ વીજ ગ્રાહકો સ્કાય યોજનામાં જોડાયેલ છે અને ૦૫ ગ્રાહકો સ્કાય યોજનામાં જોડાયેલ નથી જે સ્કાય યોજનામાં જોડાયેલ નથી તેમને વીજ પુરવઠો ૮ કલાક મળે તે માટે વોચડોગ ઉપકરણ સ્થાપિત કરવામાંઆવે છે. પરંતુ આ વોચડોગ ખામીયુક્ત હોય છે અથવા તેને ડાયરેક્ટ પણ કરવામાં આવતા ગ્રીડમાં જે વીજ ઉત્પાદિત યુનીટ જવા જોઇએ તે ન જતા તેની પણ સ્કાય યોજનાના વીજ ગ્રાહકના વીજ ઉત્પાદન પર અસર થાય છે. જે વોચડોગ ડાયરેક્ટ કરે છે. આ અંગે પેટા કચેરી એમજીવીસીએલ કપડવંજ નું પણ ધ્યાન દોરેલ હોવા છતાંકોઇ પગલા લીધેલ નથી. વોચડોગ ટ્રાન્સફોર્મર પર સ્થાપિત કરવાનું હોવા છતા આ ફીડર પર કેટલાક વીજ ગ્રાહકોને ત્યાં સીધુ મુકેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.25 ગ્રાહકનો વપરાશ અને જનરેશનના સ્થળ એક જ જગ્યાએ હોવા એમજીવીસીએલને ટીએન્ડડી લોસમાં ફાયદો થાય છે. ઉપરાંત ખેતી વાડી ગ્રાહકને ચૂકવવી પડતી ટેરિફની સબસીડી તથા ફ્યુઅલ ચાર્જ પેટેની સબસીડી બંધ થાય છે જેનો હાલનો ભાવ યુનિટ દિઠ રૂ, ૩,૧૮ જુલાઇ - ૨૦૨૩ મુજબ છે. હાલમાં કેસ નંબર ૨૧૬૭/૨૦૨૨ તા.૩૧/૦૩/૨૦૨૩ ના ટેરિફ ઓર્ડરનો ભાગ જોડેલ છે.) ઓર્ડર મુજબ યુનિટ દિઠ ખરીદભાવ રૂ. ૫.૫૩ નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે પીટીશન નંબર ૨૧૬૭/૨૦૨૨ ના એનક્ષર ૧ અને ૧૦ મુજબ હતો. તેની સામે સ્કાય યોજનામાં જોડાયેલ ખેતીવાડીના ગ્રાહકના પોતાના વપરાશ ઉપરાંત એમ.જી.વી.સી.એલને જે વીજળી ખેડૂત દ્વારા વેચવામાં આવે છે તેનો યુનિટ દીઠ ખરીદ ભાવ રૂ. ૩.૫૦ લેખે હોવાથી લાઇસન્સીને યુનિટ દિઠ રૂ, ૨.૦૩ ની ફાયદો થાય છે. આ સિવાય રિન્યુઅલ પાવર પરચેઝ ઓબ્લિશન જે જાળવવું મેન્ડેટરી છે. તે ગ્રાહકોના રોકાણ થકી ખુદના મૂડી રોકાણ સિવાય પુરૂ કરી શકે છે.

3.26 આ યોજનામાં જોડાતા પહેલા જે તે વીજ ગ્રાહકને સપ્લાય કોડના સેક્સન ૪.૯૮ તથા ૪.૯૯ પ્રમાણે દ્વિપક્ષીય કરાર (એગ્રીમેન્ટ) જાહેરમાં અગાઉથી ઉપલબ્ધ હોવું જોઈતું હતું. યોજનામાં જોડાવાની અરજી લીધા સિવાય ૫%ની રકમ વીજ ગ્રાહકો પાસેથી લીધી હતી, અને પાછળથી વીજ ગ્રાહક સમજે એ પહેલાં એકજ કાગળમાં સહી કરાવી લીધી હતી. તે સહીનો ઉપયોગ કરારમાં કરેલ છે.

3.27 સામાન્ય રીતે કરારની શરતો કરાર કરનારા પક્ષકારોને માન્ય હોય તેવી રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતને લઇને તૈયાર હોવા જોઇએ, પણ આ કરાર જોચો ત્યારે એક તરફી ફક્ત અમલીકરણ એજન્સી અને એમજીવીસીએલ કંપનીના હિત લક્ષી છે. અને તેઓ માટે નુકશાન કરતા છે જે તેઓને માન્ય નથી.

3.28 યોજનાની જાહેરાત અને અમલીકરણ એજસીએ સ્વીકારેલ પત્રની શરતો મુજબ કેપેસીટી યુટીલાઇઝેશન ફેક્ટર પ્રમાણે ખાત્રીપૂર્વક જનરેશન થતુ ન હોઇ તક્લાદી સોલર સિસ્ટમ તમારાખરચે અને જોખમે કાઢી લેવી અને સોલર સિસ્ટમ સ્થાપિત થયાથી અત્યાર સુધીના સમય ગાળામાટે અમારી જમીનનો ઉપયોગ થયેલ છે તેના ભાડાની રકમની ગણતરી કરી અમને લોનના બોજામાંથી મુક્ત કરી અમારી જુના વીજ કનેક્શની ટેરીફ મુજબનું વીજ કનેક્શન ચાલુ કરી આપવાની દાદ માગવી.

3.29 ગુજરાત વિજ નિયમન પંચની પિટીશન નંબર ૧૭૨૯|૨૦૧૮ તા. ૨૯/૧૦/૨૦૧૮ ના હુકમનોપણ અનાદર થયેલ કે પિટીશન હુકમની વિગત નીચે મુજબ છે.

2 11. The Petitioners, vide their addendum petition dated 31.08.2018, submitted that pursuant to the main petition filed by them, the State Government had issued clarification vite letter dated 13.08.2018 to the KY Scheme regarding non levy of fixed charges of Rs, 20HP/Month from participating metered Agriculture consumers, તેમછતાં સ્કાય યોજનામાં

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

જોડાયેલ કૃષિવિશ્વ ધારકો પાસેથી Rs 20/HP/Month ફીક્સ્ડ ચાર્જ વસુલ કરેલ છે જે પરત આપવો.

3.30 સ્કાય યોજના પાઈલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકેલ છે. જીઈઆરસીના પીટીશન નંબર ૧૭૨૯/૨૦૧૮ તા.૨૯/૧૦/૨૦૧૮ ના ઓર્ડરમાં પેરા-૬ની વિગતનો કોઇ અમલ થયેલ નથી. સ્કાય યોજનાનો લાભ લીધેલ ગ્રાહકોને કોઇ ગુજરાતી બુકલેટ આપેલ નથી. અને આજે ૪ વર્ષ થવા છતાંય પાયલોટ પ્રોજેકટની કોઇ સમીક્ષા કરેલ નથી. અને કરેલ હોય તો તેની જાણ ફીડર સંચાલન સમિતિને કે તેના સભ્યો કે ગ્રાહકોને આજ દિન સુધીમાં કરેલ નથી. અને હવે હાલ આ યોજના બંધ કરેલ છે.

**4.0 પ્રતિવાદી MGVCL એ ફરિયાદી નાં મુદ્દાઓ સામે નીચે મુજબ રજુઆત કરેલ છે.**

4.1 સૂર્ય શક્તિ કિશન યોજના બાબતે ખેતીવાડી વિજ ગ્રાહકોને પૂરેપૂરી માહિતી આપવામાં આવેલ હતી.

4.2 ખેતીવાડી વિજ ગ્રાહકોને સંપૂર્ણ જાણકારી આપ્યા બાદ તેઓએ કોઈપણ જાતના દબાણ વગર સ્વેછાએ આ યોજનામાં જોડાવા અર્થે ૫% રકમ ભરપાઈ કરેલ અને ત્યારબાદ દ્વિપક્ષીય કરાર કરેલ અને ત્યાર બાદ ખેતરમાં સોલર પેનલો લગાવવાની કામગીરી એજન્સી દ્વારા પૂર્ણ થયા બાદ ફરિયાદી ના વીજ જોડાણ સ્કાય યોજનામાં રૂપાંતરિત કરવામાં આવેલ છે.

4.3 સ્કાય યોજનામાં જોડાવા અને તેનો લાભ મેળવવા માટે ફરિયાદ પક્ષ દ્વારા નિયત કરેલ નમૂનાનું સૂર્યશક્તિ કિસાન યોજના (SKY-સ્કાય)માં જોડાવા માટેનું અરજી પત્રક જે સંપૂર્ણ ગુજરાતીમાં ખેડૂતના પાસપોર્ટ સાઇજના ફોટા, આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ, બેન્ક ખાતાની વિગત અને લેટેસ્ટ વીજ બિલની નકલ સાથે ૫% રકમ ભરપાઈ કરેલ જે ફરિયાદીની સદર યોજનાના લાભાલાભની સંમતિ આપેલ દર્શાવે છે. જે દરમ્યાન પણ ફરિયાદી પક્ષને સ્કાય યોજના બાબતે ફરીથી સમજણ આપેલ હતી.

4.4 સદર યોજનાના અમલીકરણ બાદ દરેક સ્કાય ગ્રાહકોને મોબાઈલ એપ બાબતે સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ હતી.

4.5 તા ૨૪.૧૨.૨૦૧૮ થી ૩૧-૦૩-૨૦૧૯ સુધીનું 98 દિવસનું પ્રથમ બિલ ગ્રાહકોને રૂબરૂમાં પહોચતું કરવામાં આવેલ.

4.6 દ્વિપક્ષીય કરાર ના અનુક્રમ નબર ૭ માં ગ્રાહક/ખેડૂતના હક્કો, કાર્યો અને જવાબદારીઓ ની સમજૂતી કરાર કરતાં સમયે ગ્રાહકોએ વાંચી સમજીને જ કરાર કરેલ છે.

4.7 ફરિયાદીને જે તે સમયે રાજ્ય સરકારશ્રી અને જીયુવીએનએલના ઠરાવો અને પરિપત્રોને આધારે ગ્રાહકોને સંપૂર્ણ સમજૂતી આપવામાં આવેલ ત્યાર બાદ તેઓ દ્વારા સમજી વિચારીને સદર સ્કાય યોજનાનો લાભ લેવા સંમતિ આપેલ છે. જ્યારે ગ્રિડમાં વેચાતી વીજળીના બાદ પણ સદર યોજના ના લોનના હપ્તાની રકમની વસૂલાત પૂરી ના થતી હોવાથી ગ્રાહકો દ્વારા સદર રકમ



CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

ભરપાઈ ના કરવાના કારણે માર્ચ ૨૦૨૩ માં ગ્રાહકો દ્વારા કરવામાં આવેલ દ્વિપક્ષીય કરાર મુજબ નવ ગ્રાહકોંના પંપ સેટના મીટરનું વીજ જોડાણ બંધ કરવાની ફરજ પડેલ. જે પૈકી સાત ગ્રાહકો દ્વારા બાકીની રકમ ના ૫૦% રકમ નિયત પુનઃજોડાણ ચાર્જ ભરપાઈ કરી અને લેખિતમાં બાકીની રકમ હપ્તેથી ભરપાઈ કરવાની બાંહેધરી આપ્યા બાદ પુનઃ જોડાણ કરી આપેલ હતા અને બે ગ્રાહકો દ્વારા બાકી રકમ ભરપાઈ કરેલ નથી અને જોડાણ કાપેલ છે તેમના જોડાણ પુનઃજોડાણ કરવામાં આવેલ નથી. ઉપરાંત ગ્રાહક નંબર ૫૦૭૧૨/૦૧૦૩૧/૯ કમલેશભાઈ ભીખાભાઇ પટેલના ઈન્સ્ટોલેશન મીટરો ઓરડીની અંદર લોક માં હોવાથી સદર ગ્રાહક દ્વારા બાકી રકમ ભરપાઈ કરેલ નથી તેમજ પંપ સેટનું વીજ જોડાણ કપાયેલ નથી.

4.8 સ્કાય યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની પાયલોટ યોજના હોવાથી સદર ફિડર ઉપરના ૧૫ સ્કાય ગ્રાહકો ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવેજ છે. ખેડૂતોનું વીજ ઉત્પાદન વધે તે અર્થે વારંવાર સેમિનાર અને મિટિંગો કરેલ છે અને અત્રેની પેટા વિભાગીય તેમજ વિભાગીય કચેરી દ્વારા પણ વખતો વખત સ્થળ તપાસ કરવામાં આવે છે.

4.9 EBI યુનિટ બાબતે ફરિયાદી દ્વારા જ સ્પષ્ટિકરણ કરલે છે જ અને જેની સમજૂતી પણ ગ્રાહકોને વારંવાર આપવામાં આવેલ છે. અને જે તે સમયે પ્રચાર અર્થે બહાર પાડેલ પ્લેમ્ફલેટ ની નકલ આ સાથે સામેલ છે. જે સંપૂર્ણ ગુજરાતી ભાષામાં છે જેમાં સબસિડી બાબતે સ્પષ્ટતા કરેલ છે.

4.10 ફરિયાદી શ્રી નીતેશકુમાર ભીખાભાઈ પટેલ વગેરે દ્વારા પ્રાંત અધિકારીશ્રી ને વીજ જોડાણ બાકી રકમ માં કાપેલ હોવાથી બાકી રકમ નહીં ભરવા અને પુનઃજોડાણ કરી આપવા બાબતે આવેદન આપેલ હતું પરંતુ સદર આવેદન પરત્વે પ્રાંત અધિકારીશ્રીને સ્કાય યોજના અને તેના નીતિ નિયમો વિષે માહિતગાર કરતાં સદર બાબત જીયુવીએનએલ અને એમજીવીસીએલની નીતિ વિષયક હોય અરજી દફતરે કરેલ હતી.

4.11 દ્વિપક્ષીય કરારના અનુક્રમ નબર ૫ મુજબ ૩૫% અને ૩૦% લોનની સંપૂર્ણ માહિતી વાંચી, સમજી વિચારીને ફરિયાદી દ્વારા સહી કરેલ છે.

4.12 ફરિયાદી દ્વારા ૫% રકમ ની ભરપાઈ અને દ્વિપક્ષીય કરાર કરી ગ્રાહક/ખેડૂત દ્વારા લેખિતમાં બહેધરી આપેલ છે.

4.13 દ્વિપક્ષીય કરાર મુજબ સોલર પેનલ કે અન્ય સોલર ઉપકરણોમાં ખરાબીની ફરિયાદ નોધાવ્યા બાદ નિયત સમય મર્યાદા કરતાં વધુ સમયે થયેલ હોય તેવા કિસ્સામાં એજન્સી ઉપર પેનલ્ટી ચાર્જ લગાવીને જે તે ગ્રાહકના ખાતામાં સદર પેનલ્ટી રકમ જમા આપવામાં આવેલ છે.

4.14 સદર બાબતે ગ્રાહકોને નીચે પ્રમાણે વાર્ષિક વીજ બિલ આપવામાં આવેલ છે.

| વર્ષ | વીજ બિલ આપ્યા તારીખ |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૧-૦૫-૨૦૧૯ |
| ૨૦૧૯-૨૦ | ૨૮-૦૫-૨૦૨૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૪-૦૫-૨૦૨૧ |
| ૨૦૨૧-૨૨ | ૦૫-૦૫-૨૦૨૨ |
| ૨૦૨૨-૨૩ | ૦૨-૦૫-૨૦૨૩ |

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

4.15 ઉપરોક્ત મુદ્દા ૧૮ માં જણાવ્યા પ્રમાણેની તારીખોમાં ગ્રાહકને વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક હિસાબી બિલ કુલ ૫ (પાંચ) આપવામાં આવેલ છે. ગ્રાહક સાથે થયેલ દ્વિપક્ષીય કરારના અનુક્રમ નંબર ૫ માં ખેડૂતની ૩૫ % લોન અને ખેડૂત વતી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ ૩0% લોન અને સદર લોનની ભરપાઈ બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરાંત કરારના અનુક્રમ નબર ૧૦ (VI) માં પણ વર્ષના અંતે ગ્રિડમાં વેચાતા વીજ યુનિટ ની રકમ સામે લોનનો હપ્તો ભરપાઈ ના થતો હોય તો સદર બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઈ કરવાની થાય છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. જેથી બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઈ કરવાની થાય છે.

4.16 ઉપરોક્ત મુદ્દા ૧૮ માં જણાવ્યા પ્રમાણેની તારીખોમાં ગ્રાહકને વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક હિસાબી બિલ કુલ ૫ (પાંચ) આપવામાં આવેલ છે. જે તમામ બિલો સિસ્ટમ જનરેટ થયેલ છે.

4.17 ગ્રાહકોને આપવામાં આવેલ વાર્ષિક હિસાબી વીજ બિલ ગ્રાહક દ્વારા સ્કાય યોજનામાં જોડાયા બાદ બાકી બિલની સામે કોઈ ભરણું થયેલ નથી જેના કારણે અગાઉના વર્ષનો (૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨) લોનનો હપ્તો અને ચાલુ વર્ષ (૨૦૨૨-૨૩)નો હપ્તો ઉમેરવાથી બાકી રકમ માં વધારો થયેલો જોવા મળે છે જ્યારે ગ્રાહક સાથે થયેલ કરાર મુજબ લોનના હપ્તાની રકમ દરેક વર્ષે એક સમાન જ રહેલ છે.

4.18 મીટર રિપ્લેસમેંટ થયેલ હોય તેવા કિસ્સામાં પાછલા જૂના વપરાયેલ મીટરના રીડિંગ અને નવા મીટરના રીડિંગ હોવાથી ફેરફાર હોય તેવું બિલમાં લાગી શકે છે પરંતુ સિસ્ટમમાં જૂના અને નવા મીટરના કુલ રીડિંગની ગણતરી થયેલ છે.

4.19 સોલર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા પ્લાન્ટના સીયુએફ ઉપર આધારિત છે. જેવાકે

1. સોલર રેડીએશન ઉપલબ્ધતા
2. દિવસ દરમ્યાન સૂર્ય પ્રકાશ
3. મીટર કન્સોલથી ઇનવર્ટર સુધીના કેબલની લંબાઈ
4. સોલર પેનલની સાફ સફાઈ
5. સોલાર પેનલ પર ઝાડ કે અન્ય વસ્તુનો પડછાયો
6. પાવર સપ્લાયની ઉપલબ્ધતા
7. સોલર પ્લાન્ટની કાર્યદક્ષતા

જે પૈકી દર માસે સ્થળ તપાસની કરતાં પેનલોની સાફ સફાઈ ન થયેલી હોય તેવું જણાઈ આવે છે અને અમુક ગ્રાહકોની પેનલ ઉપર પેનલની નજીક ઉગેલા ઝાડ નો પડછાયો પડતો હોવાના કારણે સીયુએફ માં ઘટાડો જોવા મળે છે જે બાબતે ગ્રાહકોને જાણ કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદી કોઈ પણ પ્રકારની દરકાર દીધેલી જોવા મળેલ નથી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

4.20 એજન્સી પાસેથી વસૂલ કરેલ પેનલ્ટી ની રકમ ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલા જ છે જે રકમ આપ્યા બાદ તેમને મળતા બિલમાં બાકી પાછલી રકમ માં બાદ થયેલ જોવા મળે જ છે.

4.21 સદર બાબતે જાણવાનું કે સોલર પ્લાન્ટ નું વીજ ઉત્પાદન મુદ્દા નંબર ૪.૧૮ ગ્રાહકોને જાણ કરવામાં આવેલ છે, વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધી ૬ ખેડૂતોને કુલ ૩,૮૯,૭૩૩.૨૩/- રૂ તેના ખાતામાં જમા આપેલ છે, ખેડૂતોને દિવસે આશરે ૧૨ કલાક વીજળી મળે છે જેથી ખેડૂતો લેણદાર થઈ ગયા છે તે બાબત યોગ્ય નથી.

4.22 સદર બાબતે નોન સ્કાય ગ્રાહકો દ્વારા ડાયરેક્ટ કરવા બાબતે જે આરોપો લગાવેલા છે તે ફિડર ના લોસ સાથે સુસંગત થતું નથી. તથા વોચડોગ માથી નોન સ્કાય ગ્રાહકોને ૮ કલાક વીજ પ્રવાહ મળી રહે તેવી ગોઠવણ થયેલી જ છે અને સદર બાબતે કોઈ ફરિયાદ વિજ કચેરી ખાતે મળેલ નથી. તેમજ સદર સ્કાય ફિડરનું વારંવાર એક્યુ ચેકસાથે ચેકિંગ કરવામાં આવે છે અને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

4.23 દ્વિપક્ષીય કરાર ગ્રાહકો દ્વારા કોઈ પણ જાતના દબાણ વગર રાજ્ય સરકારશ્રી અને કંપનીના નિયમો મુજબ સ્વેછાએ 5% રકમ ભરપાઈ કરી સદર યોજનામાં જોડાયેલ છે. સદર યોજનામાં જોડાતી વખતે દ્વિ પક્ષીય કરાર સંપૂર્ણ વાચી સમજીને કરેલ છે.

4.24 જીયુવીએનએલ દ્વારા તૈયાર કરવામાં આવેલ દ્વિપક્ષીય કરાર છે. જેમાં ગ્રાહકોએ સહીઓ કરેલ છે.

4.25 તા 02/06/2022 ના રોજ આતરસુંબા ગામ ખાતે GUVNL/ MGVCL / GERMI (ગુજરાત એનર્જી રિસર્ચ & મેનેજમેંટ ઈન્સ્ટિટ્યુટ ) અને IWMI (ઇન્ટરનેશનલ વોટર મેનેજમેંટ ઈન્સ્ટિટ્યુટ) ના સહયોગથી શ્રી જે.સી.દાણી વિધાલય, આતરસુંબા ખાતે ગ્રાહકોને સ્કાય યોજના અને પ્લાન્ટની જાનવણી, સાફ સફાઈ વગેરે જેવી બાબતોની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ છે.

સદર ટ્રેનિંગમાં ગ્રાહકોને સ્કાય મોબાઈલ એપ્લીકેશન કેવી રીતે વાપરવી, સોલર પ્લાન્ટનો સીયુએફ કેવી રીતે સુધારવો, વીજ બિલ કેવી રીતે વાંચવું જેવી સંપૂર્ણ સમજ આપવામાં આવેલ છે. અને સાથે દરેક ગ્રાહકને સોલાર પેનલની જાણવાની / દેખરેખ, મીટરિંગ અને બિલિંગ અંગેની 44 રંગીન પાનાની ગુજરાતી તાલીમ પુસ્તિકા આપવામાં આવેલ હતી.

5.0 સુનાવણીમાં હાજર રહેલા ફોરમના સભ્યોએ બંને પક્ષકારોની દલીલો ધ્યાનમાં લીધી અને રેકોર્ડ્સનો અભ્યાસ કર્યો અને તેમને વિગતવાર ધ્યાનમાં લઇ તારણો નીચે મુજબ છે:

5.1 ફરિયાદી ( ૧૧ KV સંદેસર ફીડરના એજી ગ્રાહકો) GUVNL / MGVCL દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્રો અને કરારો દ્વારા જાહેર કરાયેલ નિયમો અને શરતોને સ્વીકારીને સૂર્ય શક્તિ કિશાન યોજનામાં જોડાયા છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

5.2 સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ફરિયાદ પક્ષના ગ્રાહકોનું બિલિંગ GUVNL દ્વારા જારી કરાયેલ યોજનાના પરિપત્રોની શરતો અને નિયમ અનુસાર કરવામાં આવી રહ્યું છે.

5.3 ઇવેક્યુએશન બેઝ્ડ ઇન્સેન્ટિવ (EBI) ની રકમ, સૂર્યશક્તિ કિશાન યોજના ઉપભોક્તાને ચૂકવવાપાત્ર રકમ, પાવર ખરીદ ખર્ચ અને સબસિડીની વસૂલાત GUVNL દ્વારા મંજૂર પરિપત્ર મુજબ વસૂલવામાં આવે છે. લોનની રકમનો હપતો અને તેની વસૂલાત યોજનાના પરિપત્ર નંબર ૧૭૪૮ તા ૨૪.૦૭.૨૦૧૮ અને GUVNL દ્વારા PPA ના નિયમ મુજબ કરવામાં આવે છે.

5.4 GUVNL પરિપત્ર ACCTS/CFM/SKY/Billing/551 તારીખ 15.10.2019 મુજબ પ્રતિવાદી દ્વારા ફિક્સ ચાર્જ વસૂલવામાં આવે છે. પ્રતિસાદ આપનાર MGVCL નિયત શુલ્ક વસૂલવાની ફરિયાદ GUVNLને મોકલી અને ફરિયાદીને સ્પષ્ટતા કરી શકે છે.

5.5 આ ફરિયાદના આધારે સોલાર પ્લાન્ટને દૂર કરવા અને ગ્રીડ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિવાદીને નિર્દેશિત કરવાની ફરિયાદીની અરજી ફોરમ દ્વારા ધ્યાનમાં લેવામાં આવી શકતી નથી. જો ફરિયાદી સોલાર પ્લાન્ટ દૂર કરવા ઈચ્છે તો તેમણે યોજનાના નિયમો અને શરતો અનુસાર સંમત થઇ પ્રતિવાદીને અલગથી અરજી કરવાની રહે છે.

## <u>હુકમ</u>

6.0 ફોરમ નિર્ણય પર આવે છે કે –

6.1 ફરિયાદી ( ૧૧ KV સંદેસર ફીડરના એજી ગ્રાહકો) GUVNL / MGVCL દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્રો અને કરારો દ્વારા જાહેર કરાયેલ નિયમો અને શરતોને સ્વીકારીને સૂર્ય શક્તિ કિશાન યોજનામાં જોડાયા છે.

6.2 સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ફરિયાદ પક્ષના ગ્રાહકોનું બિલિંગ GUVNL દ્વારા જારી કરાયેલ યોજનાના પરિપત્રોની શરતો અને નિયમ અનુસાર કરવામાં આવી રહ્યું છે.

6.3 GUVNL પરિપત્ર ACCTS/CFM/SKY/Billing/551 તારીખ 15.10.2019 મુજબ પ્રતિવાદી દ્વારા ફિક્સ ચાર્જ વસૂલવામાં આવે છે. પ્રતિવાદી નિયત ચાર્જીસની વસૂલાત અંગેની ફરિયાદ GUVNLને મોકલી શકે છે અને ફરિયાદીને 30 દિવસની અંદર સ્પષ્ટતા કરી શકે છે.

6.4 MGVCL ના પ્રતિવાદી કપડવંજ વેસ્ટ સબ ડિવિજન ફરિયાદ કર્તાને વળતર આપવા માટે ઓર્ડરની શરતો મુજબ એજન્સી સામે સમયે સમયે પગલાં લેવા અને કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી. તેમજ ગ્રાહક ને તેણી જાણ કરવી.

6.5 આ ફરિયાદના આધારે સોલાર પ્લાન્ટને દૂર કરવા અને ગ્રીડ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિવાદીને નિર્દેશિત કરવાની ફરિયાદીની અરજી ફોરમ દ્વારા ધ્યાનમાં લેવામાં આવી શકતી નથી. જો ફરિયાદી સોલાર પ્લાન્ટ દૂર કરવા ઈચ્છે, તો તેમણે યોજનાના નિયમો અને શરતો અનુસાર સંમત થઇ પ્રતિવાદીને અલગથી અરજી કરવાની રહે છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

6.6 MGVCL ના પ્રતિસાદકર્તા કપડવંજ સબડિવિઝન સોલર ઉપકરણમાં કોઈ ખામી ની જાણ થતાં આ બાબતને એજન્સી ને જાણ કરી અને તેનું નિયમ અનુસાર નિરાકરણ કરશે.

6.7 પ્રતિવાદીને પંદર દિવસમાં આ ફોરમમાં ATR સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

(કે.બી.ઢેબર)
તાંત્રિક સભ્ય

(એસ પી ત્રિવેદી)
ચેરપરસન

*નોંધ:*

**જો ફરિયાદી આ ફોરમના આદેશથી સંતુષ્ટ ન હોય, તો ફરિયાદી પક્ષકારને જારી કરાયેલ બિલની ઓછામાં ઓછી 33% રકમની ચુકવણી કર્યા પછી જ લોકપાલનો સંપર્ક કરી શકે છે. લોકપાલનું કાર્યાલયનું સરનામું છેઃ સ્ટાફ ઓફિસર, વિદ્યુત લોકપાલની કચેરી, ગુજરાત વિદ્યુત નિયમન પંચ, બેરેક નં.3, પોલીટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ 380 015 GERC સૂચના નંબરના ક્લોઝ નં.3.19 (viii) અનુસાર 2019 ના .2.**

**લોકપાલ સમક્ષ રજૂઆતો કરવાની કાર્યવાહી-**

1. પ્રતિનિધિત્વ ફરિયાદી દ્વારા તેના નામ અને સરનામા સાથે યોગ્ય રીતે સહી કરેલ લેખિતમાં હોવું જોઈએ.
2. એફિડેવિટ સાથે પ્રતિનિધિત્વનું સમર્થન હોવું જોઈએ.
3. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ.
4. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ
5. લોકપાલ સમક્ષ રજૂઆત ફોરમના આદેશની તારીખથી 30 દિવસની અંદર સબમિટ કરવી જોઈએ
6. પ્રતિનિધિત્વની નકલ લોકપાલની કચેરીમાં સબમિટ કરવાની રહેશે. રજૂઆતની નકલ તમામ ઉત્તરદાતાઓને સબમિટ કરવી જોઈએ.
7. જો ફરિયાદીએ ફોરમના આદેશ અનુસાર કોઈપણ રકમ ચૂકવવાની જરૂર હોય, તો આવી રકમનો એક તૃતિયાંશ ભાગ ફરિયાદીએ જમા કરાવવો જોઈએ અને રજૂઆત સાથે પુરાવાઓ જોડવાના રહેશે.
8. સક્ષમ ફોરમ અથવા અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ, આર્બિટ્રેટર અથવા અન્ય કોઈ સત્તા સમક્ષ આ બાબત પેન્ડિંગ હોવી જોઈએ નહીં.
9. તમામ રજૂઆતો પર્યાપ્ત કારણ સાથે હોવી જોઈએ, વાજબી ખંતથી ગ્રાહકને પ્રથમ દૃષ્ટિએ નુકસાન અને નુકસાન/અસુવિધા થાય.
10. પ્રતિનિધિત્વ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં સબમિટ કરી શકાય છે

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL